માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક :પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

તા.૨૩/૦૭/૨૦૧૪

<u>વંચાણે લીધા</u> :

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.03/03/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક એસ.સી.એચ./૧૦૨૦૧૨/GOI-૯૩/છ

<u>આમુખ :</u>

રાજ્યમાં અમલી વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓની સમીક્ષા કરી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ હેઠળની અગાઉની તમામ શિષ્યવૃત્તિ યોજનાઓ રદ કરી એક નવી સુગ્રથિત શિષ્યવૃત્તિ યોજના નામે "માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" સરકારશ્રીના વંચાણે લીધેલ તા. 03/03/૨૦૧૪ ના ઠરાવથી શરૂ કરવાનું ઠરાવ્યું છે.

શિક્ષણ વિભાગના ઉક્ત તા.03/03/૨૦૧૪ ના ઠરાવમાં શિષ્યવૃત્તિ બાબતે થયેલ વિવિધ જોગવાઇઓમાં બેન્ક લોન, વ્યવસાય/હોદ્દો/પગાર ધોરણની મર્યાદાની જોગવાઈ બાબતે મળેલ સુચનોને ધ્યાને લઇ વંચાણ હેઠળના તા.03/03/૨૦૧૪ ના ઠરાવમાં કરેલી જોગવાઇઓમાં પુનઃ વિચારણા કરવાનું આવશ્યક જણાયું હતું. પ્રશ્નતળેની બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષના પ્રેઝન્ટેશન સમયે ઉચ્ચ પદાધિકારીશ્રીઓ અને ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને કાળજીપૂર્વકની પુખ્ત વિચારણાને અંતે અભ્યાસમાં તેજસ્વી અને જરૂરીયાતમંદ એવા ધોરણ-૧૨ પાસ થયેલા વિધ્યાર્થીઓને સ્નાતક અભ્યાસક્રમ માટે જરૂરી આર્થિક સહાય મળી રહે અને શિષ્યવૃત્તિના લાભમાં એકસૂત્રતા રહે તે હેતુને ધ્યાનમાં લઇ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ તા.03/03/૨૦૧૪ નો ઠરાવ રદ કરી હવે નીચે જણાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

૧. આ યોજનાનુ નામ "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" રહેશે.

૨. આ યોજના હેઠળ શિષ્યવૃત્તિ માટે પાત્રતા માટે નીચે મુજબના ધોરણો રહેશે.

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરની તથા અન્ય માન્ય બોર્ડ ની ગુજરાતમાંથી ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને આ યોજના લાગુ પડશે.

(૨) રૂ. ૪,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પૂરા) સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો શિષ્યવૃત્તિ માટે લાયક ગણાશે. જેમાં માતા-પિતા / વાલી ની આવક તથા તેઓની સ્થાવર – જંગમ મિલકતોમાંથી તથા અન્ય તમામ પ્રકારના સ્ત્રોતો માંથી થતી કુલ આવકને ધ્યાનમાં લેવાની રહેશે. વાર્ષિક આવકનું પ્રમાણપત્ર મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવવાનું રહેશે.

(3) આ યોજના હેઠળ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

(૪) આ યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય માન્ય બોર્ડના ગુજરાત રાજ્યમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષામાં સફળ થયેલા વિજ્ઞાનપ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા ચાર પર્સેંટાઇલ સુંધી ના વિદ્યાર્થીઓને અને સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા એક પર્સેંટાઇલ સુધી ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેરીટ ના આધારે મળવાપાત્ર થશે.

3. ઉપર ફકરા ૨(iv) માં જણાવેલી જોગવાઇ ઉપરાંત, ગુજરાત રાજ્યમાંથી માન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓ માટે વધારાની શિષ્યવૃત્તિઓ નીચે મુજબની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે મળવાપાત્ર થશે.

(૧) ૫૦૦ શિષ્યવૃત્તિઓ રાજ્યના ૫૦% થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા ૫૦ તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ-૧૨ ની પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને પાસ થનાર કન્યાઓને તેઓના માતા-પિતા/વાલીની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મેરીટના આધારે નીચે મુજબ અભ્યાસક્રમવાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

ક્રમ	અભ્યાસક્રમ	શિષ્યવૃત્તિઓની સંખ્યા
૧	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ એ ગ્રુપ (PCM)	૧૫૦
૨	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બી ગ્રુપ (PCB)	૫૦
3	ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ	300
	કુલ	૫૦૦

(૨) ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નક્સલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળોના અને ગુજરાત પોલીસદળના જવાનોના સંતાનોને ધોરણ-૧૨ ની પરિક્ષામાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવ્યા હશે તો, આવક ની મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃતિ મળવાપાત્ર થશે. આ માટે નિયામકશ્રી, સૈનિક વેલ્ફેર બોર્ડનું /સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૪. અનુસુચિત જાતિ , અનુસુચિત જનજાતિ , સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા વિધ્યાર્થીઓ માટે કુલ લાભાર્થી સંખ્યાની ટકાવારીમાં આ યોજનામાં નિયમ મુજબ ભરતી સમયે રાખવામા આવતી ટકાવારી જેટલી "શિષ્યવૃતિ સંખ્યા" અનામત રહેશે અને તે માટે પર્સન્ટાઇલમાં ૫ ટકાની વધારે છૂટછાટ આપવામાં આવશે.

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના વિધ્યાર્થીઓને હાલ રૂ. ૨.૫૦ લાખની આવક મર્યાદામાં ભારત સરકારની પોસ્ટ મેટ્રીક યોજનામાં સહાય મળવાપાત્ર થાય છે. બે લાખ પચાસ હજારથી વધારે આવકવાળા જે વિધ્યાર્થીઓ તે યોજનામાં લાભ ન મેળવી શકે તેવા વિધ્યાર્થીઓ માટે " માનનીય મુખ્ય મંત્રીશ્રીની શિષ્યવૃતિ યોજના" ઉપલબ્ધ રહેશે.

અનુસુચિત જાતિ , અનુસુચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને શારીરિક અશકતતા ધરાવતા વિધ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું જાતિ/ શારીરિક અશકતતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૫. આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને બીજી કોઇ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે નહી એટલે કે કોઇ એક શિષ્યવૃત્તિ યોજના હેઠળ જ લાભ મળવાપાત્ર રહેશે.

૬. <u>શિષ્યવૃતિ ની રકમ</u>

(૧) પાત્રતા ધરાવતા વિધ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણના હેતુસર જે તે સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલી વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી શિષ્યવૃત્તિ તબીબી અભ્યાસક્રમો સિવાયના અન્ય તમામ અભ્યાસક્રમો માટે મળવાપાત્ર થશે. તબીબી અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ નિયત થયેલી વાર્ષિક ટ્યૂશન ફી ની ૫૦% રકમ અથવા રૂપિયા ૨,૦૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી મળવાપાત્ર થશે.

(૨) મેરીટમાં આવતા હોય તેવા રાજ્યની સરકારી / ગ્રાન્ટેડ સંસ્થાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ ૫૦૦૦/- શિષ્યવૃત્તિ મળવા પાત્ર થશે.

(3) મંજૂર થયેલી મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં જમા કરવાની રહેશે.

(૪) શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી સામે સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કાર્યવાહી થઇ હશે તો આવો વિદ્યાર્થી શિષ્યવૃત્તિ મેળવવા માટે અથવા ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. જે કોઇ વિદ્યાર્થી ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઇ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપિંડીથી શિષ્યવૃત્તિ મેળવશે તેવું પ્રસ્થાપિત થતાં શિષ્યવૃત્તિની તમામ રકમ ૧૮% ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવા ઉપરાંત કાયદેસરની કાર્યવાહી માટે પગલાં લેવામાં આવશે.

(૫) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા ત્યાર પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ શિષ્યવૃત્તિ મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ % માર્કસ મેળવવાના રહેશે.

(૬) શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

૭ . યોજનાનું અમલીકરણ

(૧) આ યોજના નો અમલ નોલેજ કોન્સોર્ટીયમ, ગુજરાત (કેસીજી) મારફતે કરવાનો રહેશે.

(૨) કેસીજી ની કચેરી ખાતે આ માટે એક અલાયદુ એકમ ઊભું કરવાનું રહેશે. જેમાં કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ અને કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરીઓના કચેરી દીઠ ૨ અધિકારીઓ મારફતે કામગીરી કરવાની રહેશે. આ એકમ ના અધિકારીઓએ સંબંધિત કમિશ્નરશ્રીની કચેરીના તાબા હેઠળ આવતા અભ્યાસ્ક્રમોની શિષ્યવૃત્તિઓ સંબંધિત તમામ કામગીરી કરવાની રહેશે.

(3) કેસીજી ખાતે કાર્યરત થનાર એકમ દ્વારા નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર (એનઆઇસી) ના પરામર્શમાં વેબ પોર્ટલ બનાવડાવી પાત્રતા ધરાવતા વિધ્યાર્થીઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મેળવવાની રહેશે. મળેલી અરજીઓની ઓનલાઈન ચકાસણી, વર્ષાન્તે બાહ્ય મોનિટરિંગ તથા સમયાંતરે ઇવેલ્યુએશન પણ કરાવવાનું રહેશે.

(૪) આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટ ની રકમ નું કેસીજી દ્વારા જીએસએફએસ માં રોકાણ કરવાનું રહેશે.

(૫) વહીવટી કામગીરી માટે દરેક વર્ષની શિષ્યવૃત્તિ યોજના અન્વયેના બજેટ જોગવાઈ ના ૦.૫% (અડધા ટકા)ની રકમ કેસીજી ની કચેરીને વ્યાજ માંથી થયેલ ખરેખર ખર્ચ ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે. જેનો ખર્ચ તેને લગતી આનુષંગિક કામગીરી માટે કરવાનો રહેશે. ખર્ચ બાદ કરતાં વધેલી વ્યાજ ની રકમ માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ નિધિ તરીકે ગણવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ ૨૦૧૪-૨૦૧૫ ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ કોઠારી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતી વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ ની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ ની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી , ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટી તમામ

- કલેક્ટરશ્રી, જિલ્લા તમામ
- જિલ્લાવિકાસ અધિકારીશ્રી, તમામ
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.